અરવલ્લી જિલ્લા કલેકટર એમ. નાગરાજને આજરોજ મોડાસા તાલુકાના ગાજણ પ્રાથમિક શાળા નંબર-૨ ની મિશન વિદ્યા કાર્યક્રમ અંતર્ગત મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમ્યાન કલેકટરશ્રીએ બાળકોને ગણિત, વિજ્ઞાન, અંગ્રેજી, ગુજરાતી અને સામાન્યજ્ઞાન સહીતના પ્રશ્નોની બાળકોને પુછપરછ કરી હતી. પ્રાથમિક શિક્ષણનો સાર્વત્રિકરણ માટે શિક્ષણને વધુ ગુણવતાસભર બનાવવા માટે શિક્ષકોને અપીલ કરી હતી.

કાયદો-વ્યવસ્થા રાજ્ય સરકારની પ્રાથમિકતા

ગાંધીનગરમાં પોલીસ વડાઓ સાથે રૂપાણીની બેઠક : સંયુક્ત કોન્ફરન્સના પ્રારંભમાં નિવેદન : ઝિરો ટોલરન્સથી પેશ આવી તમામ ગુનેગારોની હિંમતને દબાવી દેવા સૂચન

અમદાવાદ, તા.૨

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ સ્પષ્ટપણે જણાવ્યું કે રાજ્યની સતત અવિરત વિકાસ યાત્રાના મૂળમાં કાયદો-વ્યવસ્થાની સુદ્રઢ સ્થિતિની સરકારની ટોપ પ્રાયોરીટીની પ્રતિબદ્ધતા છે. આ સંદર્ભમાં તેમણે કહ્યું હતું કે, ભૂતકાળમાં ગુજરાતે કાયદો વ્યવસ્તાની કથળેલી સ્થિતિ, ગુનેગારો-અસામાજિક તત્વોના પ્રભાવથી થરથરતા ઈલાકા વગેરેને લીધે ઘણું સહન કર્યું છે. હવે સમય બદલાયો છે અને ભારતની આર્થિક પ્રગતિમાં ગુજરાત ગ્રોથ એન્જિન બન્યું છે તેમાં શાંતિ, સલામતી અને સુરક્ષા દાયિત્વ નિભાવતા પોલીસ દળની જવાબદારી પણ વિશેષ બની છે તેમ તેમણે ઉમેર્યું હતું. મુખ્યમંત્રીએ રાજયના વરિષ્ઠ પોલીસ અધિકારીઓ, રેંજ આઈજી, જિલ્લા પોલીસ અધિક્ષકોની સંયુક્ત કોન્ફરન્સનો

નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ તેમજ ગૃહ રાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજાની ઉપ્સથિતિમાં પ્રારંભ કરાવ્યો હતો. તેમણે ગુજરાત પોલીસ દળની ઉજ્જવળ છાપને વધુ ઉન્નત બનાવવા અધિકારીઓને આહવાન કરતા કહ્યું હતું કે, એસર્ટીવ બનીને જાતે કામ માથે લઈને સામાન્યમાં સામાન્ય, ગરીબ, વંચિત-શોષિતને ન્યાય અપાવવાનું દાયિત્વ તમે નિભાવો. સરકાર તમારી નેટ બનીને ઉભી રહેશે, તેમ લીડ લઈ તમારા સાથી નીચેના સ્તરના કર્મયોગીઓનું મોરલ બૂસ્ટિંગ કરો એમ મુખ્યમંત્રી સંવેદનસ્પર્શી વક્તવ્યમાં જણાવ્યું હતું. વિજય રૂપાણીએ અસામાજિક તત્વો, પ્રજાને રંજાડનારાઓ, સાયબર ક્રાઈમ, બહેનો-બાળકો પરના ગુના આચરનારાઓ સામે ઝિરો ટોલરન્સની નીતિથી ફિલ્ડમાં કામ કરતા પોલીસ કર્મીઓને સપ્તાઈથી પેશ આવી પોલીસ દળની કડપ અને દાબથી જ આવા ગુનેગારોની હિંમત દાબી દેવા સ્પષ્ટ સૂચનો કર્યા હતા. તેમણે ઉમેર્યું હતું કે, પોલીસ પ્રજાનો મિત્ર છે તેની ફરિયાદને ચોક્કસ ધ્યાને લેવાશે અને પોતાને ન્યાય મળશે એવો ભરોસો-વિશ્વાસ જ સામાજિક સંવાદીતાના વાતાવરણમાં ઉપયુક્ત બનશે. મુખ્યમંત્રીએ પોલીસ દળની કાર્યપદ્ધતિનું સર્વગ્રાહી મૂલ્યાંકન કતા એમ પણ જણાવ્યું કે, સુરક્ષિત ગુજરાત-સલામત ભાવિની જવાબદારી પોલીસ દળના શિરે છે એવે વખતે ડેટા અપડેશન, કનેક્ટીવીટી, અદ્યતન સાધનોના મહત્તમ ઉપયોગથી જ ક્લીયર વિઝન સાથે ભાવિ રણનીતિ આયોજન ઘડી શકાશે.

મુખ્યમંત્રીના જન્મદિવસ નિમિત્તે મહીલા મોરચાએ આંગણવાડીમાં ચોકલેટનુ વિતરણ કર્યુ

ગાંધીનગર તા ૨

મુખ્યમંત્રી વિજય રૂપાણીના જન્મદિવસ નિમિત્તે ગાંધીનગર જિલ્લા ભાજપ મહીલા મોરચા દ્વારા કલોલ તાલુકાના બોરીસણા ગામની આંગણવાડીમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જિલ્લા ભાજપના મહામંત્રી આઈ બી વાઘેલાએ આ અંગે જણાંવ્યા અનુસાર જિલ્લા મહીલા મોરચાના પ્રમુખ છાયા ત્રિવેદી દ્વારા બોરીસણા ગામની આંગણવાડીમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામા આવ્યો હતો. મહીલા મોરચાના મહામંત્રી જયશ્રીબેન રાજગોર અનુસુચિત જનજાતિ મોરચાના પ્રમુખ નિલેશ આચાર્ય, કલોલ તાલુકાના પ્રમુખ વસંતીબેન ઠાકોર કલોલ શહેર પ્રમુખ અનિલાબેન પટેલ, જિલ્લા સંગઠનની ટીમના જસ્મીના ભટ્ટ સહીત મહીલા અગ્રણીઓએ હાજરી આપી હતી. આ પ્રસંગે આંગણવાડીના બાળકોને ચોકલેટનુ વિતરણ કરાયું હતુ.

પાલનપુર સિવિલ હોસ્પિટલના તબીબનું લેપટોપ ચોરાયું

પાલનપુર, તા. ૨

પાલનપુર સિવિલ હોસ્પિટલના તબીબનું લેપટોપની કોઈ શખ્સ ઉઠાંતરી કરી ગયો હતો. આ અંગે તબીબે પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

પાલનપુર સિવિલ હોસ્પિટલના પરિસરમાંથી વાહનચોરી, એ.સી.ની પાઈપ ચોરીના ગૂનાઓ પોલીસ મથકે નોંધાયા છે. દરમિયાન મંગળવારે બપોરના સુમારે તબીબનું લેપટોપ ચોરાયું હતુ. પ્રાપ્ત વિગતો મુજબ સિવિલ હોસ્પિટલના તબીબ બિજોલ ભેદરૂએ તેમનું રૂપિયા ૪૦,૦૦૦ની કિંમતનું લેપટોપ બપોરના સમયે હોસ્પિટલ પરિસરમાં આવેલા ટ્રેનિંગ હોલમાં મુક્યું હતુ. જેની કોઈ અજાણ્યો શખ્સ ચોરી કરી ગયો હતો. આ અંગેની જાણ થતાં તબીબે પૂર્વ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે પોલીસે અજાણ્યા શખ્સ સામે ગૂનો નોંધી પીએસઆઈ કે. એન. જેઠવા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

માતાના અવસાનથી લાગી આવતા પાલનપુરમાં દીકરીએ ટ્રેન નીચે ઝંપલાવી મોતને વ્હાલું કર્યું

પાલનપુર, તા. ૨

પાલનપુરના અયોધ્યાનગરમાં રહેતી એક વિપ્ર મહિલાની માતાનું એક માસ અગાઉ અવસાન થયું હતું. જે આઘાત સહન ન કરી શકનાર દીકરીને લાગી આવતા તેણે પણ ટ્રેન નીચે ઝંપલાવી આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે.

પાલનપુરમાં આપઘાતના બનાવ ચિંતાજનક હદે વધી રહ્યા છે. ગતરોજ માર્બલના વેપારીના આપઘાત બાદ આજે એક મહિલાએ માતાના અવસાન બાદ લાગી આવતા ટ્રેન નીચે આપઘાત કરી લેતા ચકચાર સાથે અરેરાટી પ્રસરી જવા પામી છે. પાલનપુર શહેરની અયોધ્યા નગર સોસાયટીમાં રહેતા ૩૬ વર્ષીય વિમળાબેન બાબુભાઈ તાંબડીયા બુધવારે પોતાનું પ્લેઝર જી.જે.૮.એ.એ. ૧૭૦૨ લઈને પાલનપુર લક્ષ્મીપુરા ફાટકથી જગાણા જતા માર્ગ ઉપર ગયા હતા.જ્યાં વાહન પાર્ક કરી ટ્રેન નીચે ઝંપલાવી દીધું હતું. જેમનું ઘટના સ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું. આ અંગેની જાણ થતાં આજુબાજુના લોકો દોડી આવ્યા હતા.

દરમિયાન આ બનાવ પાલનપુર તાલુકા પોલીસ મથકની હદમાં બન્યો હોઈ તાલુકા પોલીસનો સ્ટાફ દોડી આવ્યો હતો. અને મૃતદેહને પીએમ અર્થે ખસેડાયો હતો. આ અંગે સૂત્રોએ જણાવ્યું હતું કે, વિમળાબેનના માતાનું એક માસ અગાઉ અવસાન થયું હતું. જેનો આઘાત ન જીવરાતા મનમાં લાગી આવતા તેમણે ટ્રેન નીચે ઝંપલાવી મોતને વ્હાલું કરી દીધું છે. આ ઘટનાથી ભારે અરેરાટી પ્રસરી જવા પામી છે.

રિસ્તે હાઈ સે નહીં, ચાય સે બનતે હૈ - વાઘબકરી ચા, ગ્રુપનું નવું ગ્લોબલ એડવર્ટાઈઝમેન્ટ કેમ્પેઈન

૧૦૦ વર્ષ કરતા પણ વધુ સમયથી સંબંધોને સજાવતી અને ગુજરાતની માનીતી 'કડક-મીઠી' વાઘબકરી ચાએ હવે એક ગ્લોબલ કેમ્પેઈન 'હાઈ નહી ચાય', દરેક અગ્રણી ટીવી ચેનલ્સ તથા પ્રીન્ટ મિડિયામાં લોંચ કર્યુ છે.

વાઘબકરી ચા હંમેસથી ભિન્ન વ્યક્તિત્વ ધરાવતા સૌને એકસાથે લાવવાનું પ્રતિક રહી છે. 'હંમેશા રિસ્તે બનાએ'ની આ વિચારધારા એમના લોગોમાં દેશ્યમાન થવાની સાથે એમની બ્રાન્ડની ઓળખ પણ છે.

એમના નવા ગ્લોબલ કેમ્પેઈનમાં વાઘબકરી ચા યુવા વર્ગમાં સંબંધોના મૂલ્યને ઉજાગર કરે છે અને કહે છે, 'રિસ્તે હાય સે નહીં, ચાય સે બનતે હૈ.'

એક રીસર્ચ દ્વારા એક વાત સામે આવી કે વર્ચ્યુઅલ માધ્યમથી જ જોડાએલી આજની પેઢી આસપાસની દુનિયાથી અલગ થઈ ગઈ છે.

એમના નવા ગ્લોબલ કેમ્પેઈનમાં વાત છે સની નામના એક યુવા પંજાબી છોકરાની, જે વર્ષો બાદ વિદેશથી પાછો ફર્યો છે. આટલાં વર્ષો બહાર રહેવાના કારણે એ ભારતીય સંસ્કૃતિથી અલિપ્ત થઈ ગયો છે. આ વાત આપણને પહેલાં જ દેશ્યમાં દેખાય છે, જ્યારે એના પિતાને ગળે મળવાનું ટાળે છે અને માત્ર હાય કહી એના માતા-પિતાને શુષ્કતાથી મળે છે. એના પિતા એના શુષ્ક વ્યવહારને જોઈને ભોંઠા પડે છે. પરંતુ સની એને મળતાં દરેક વ્યક્તિનું અભિવાદન માત્ર એક ટૂંકા હાથથી કરે છે.

આ જોઈને એના દાદી એના જીવનને ફરી ઉષ્માસભર બનાવવાનો ઉપાય શોધી કાઢે છે. સૌના માટે વાઘબકરી ચા બનાવતા એ કહે છે, 'હમારે યહાં રિશ્તે હાય સે નહીં ચાય સે બનતે હૈ.' (આપણે ત્યાં જીવનભરના સંબંધો ચાથી જોડાય છે, હાયથી નહીં). સનીને એના જીવનમાં ખૂટતી ઉષ્મા પાછી મળે છે અને વ્હાલથી એ પરિવારજનોના ગળે મળે છે. ફિલ્મ એક હેશટેગ 'હાય નહી ચાય પીલો સાથે સમાપ્ત થાય છે.

વાઘબકરી ટી ગ્રુપના એક્ઝેક્યુટીવ ડિરેક્ટર, પરાગ દેસાઈ, 'ગ્લોબલ કસ્ટમર્સ સાથેની અમારી ચર્ચા અમારા ગ્લોબલ કેમ્પેઈનનો આધારસ્તંભ છે. એના દ્વારા એક વાત સ્પષ્ટ થાય છે કે વાઘબકરી ચા બે પેઢીઓને જ નહીં ભિન્ન બેકગ્રાઉન્ડ ધરાવતા સૌને એક સાથે લાવવાનું ઉષ્માસભર માધ્યમ છે.

વાઘબકરી ટી ગ્રુપના વાઈસ પ્રેસિડેન્ટ, માર્કેટીંગ યોગેશ શીંદે, 'હાલમાં જ આ કેમ્પેઈન સમગ્ર મિડિયામાં રિલિઝ થયું છે. અમે દરેક અગ્રણી ચેનલ શામેલ છે, જેમકે કલર્સ, સ્ટાર પ્લસ, ઝી ટીવી, સોની, સોની સબ અને રીજનલ ચેનલ્સ જેવી કે - કલર્સ ગુજરાતી, ઝી યુવા, ઝી મરાઠી, કલર્સ સુપર કન્નડા ચેનલ અને ઝીની દરેક રીજનલ ચેનલ. અમે ડિજિટલ મિડિયા પર પણ અમારૂ કેમ્પેઈન પ્રમોટ કરી રહ્યાં છીએ. આ કેમ્પેઈન પર અમને ખુબ જ સકારાત્મક પ્રતિભાવો મળ્યા છે. અમને પુરો વિશ્વાસ છે કે અમારા પહેલાના કેમ્પેઈન, રિશ્તો કી ગર્માહટની જેમ આને પણ ખૂબ સરાહના મળશે.

વૃક્ષો વાવીએ વરસાદ લાવીએ

જળ બચાવીએ જીવન બચાવીએ

સે-૬ની શાળામાં પૃથા ફાઉન્ડેશન દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર શહેરના સેકટર-૬ સ્થિત સરકારી શાળામાં પૃથા ફાઉન્ડેશન દ્વારા ૧૦૦ રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શાળાના શિક્ષકગણ, વિદ્યાર્થીઓ મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા.

પૃથા ફાઉન્ડેશનના ટ્રસ્ટી અમીતાબેન મહેતાએ વૃક્ષારોપણનો હેતું સમજાવતા જણાવ્યું હતું કે આજે પૃથા ફાઉન્ડેશનના સ્થાપક સ્વર્ગીય હીમાંશુ મહેતાના જન્મ દિવસ નિમિતે શહેરની સેકટર-૬ની સરકારી શાળામાં વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજયો હતો. શાળાના આચાર્ય ઈશ્વરભાઈ પટેલ દ્વારા કાર્યક્રમના અતિથિ ઉપસ્થિત હરીશભાઈ લાલવાણી કોર્પોરેટર હીરલબેન જોશી, અને રાકેશભાઈ પટેલનું સ્વાગત કરવામાં આવ્યું હતું. વૃક્ષારોપણ કાર્યક્રમ અંગે હિરલબેન જોશીએ જણાવ્યું હતું કે શહેરને હરીયાળુ બનાવવું આવશ્યક નહીં અનિવાર્ય છે. આપણો ખિતાબ છીનવાયો છે. વૃક્ષનું વાવેતર જ નહી તેના જતનની જવાબદારી પણ આપણી છે. મનપા તરફથી વૃક્ષ બચાવવા અને જતન માટે ટ્રી ગાર્ડ આપવામાં આવે છે. જયારે હરીશભાઈ લાલવાણીએ બાળકમાં ભગવાન હોય છે એટલે આ વૃક્ષારોપણના અભિયાનમાં બાળકોને ભાગીદાર બનાવ્યા છે. સંસ્થાના ટ્રસ્ટી રમેશભાઈ દ્વારા સંસ્થાની પ્રવૃતિ વિશે જાણકારી આપવામાં આવી હતી. ગાયત્રી પરિવારના સભ્યો પુષ્પાબેન તથા પ્રેમીલાબેન દ્વારા બાળકોને તેમના જન્મદિવસ નિમિતે વૃક્ષોની વાવણી અને જતન કરી ઉછેરવા માટે પ્રતિજ્ઞા લેવડાવી હતી. વૃક્ષારોપણ સમેય ગાયત્રી મંત્રના ઉચ્ચાર સાથે રોપણી કરવામાં આવી હતી. આ પ્રસંગે બાળકોને સાથે રાખી શાળાના મેદાનમાં લીમડો, પીપળો, વડ, આસોપાલવ, જાસુદ, અને તુલસીના રોપા સહિત ૧૦૦ થી વધુ વૃક્ષોનું વાવેતર કરાયું હતું. આ પ્રસંગે શાળાના શિક્ષકગણનો સાથ અને સહકાર સાંપડ્યો હતો.

ગાંધીનગર જિલ્લા વીસીઈ મંડળ દ્વારા પગાર ધોરણ નક્કી કરવા રજુઆત

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે આજરોજ ગાંધીનગર જિલ્લામાં કામ કરતા વીસીઈ કર્મચારીઓ મોટીસંખ્યામાં આવી પહોંચ્યા હતા, કર્મચારીઓના પડતર પ્રશ્નમાં પીપીપી મોડલમાં ફેરફાર કરીને ફિકસ પગાર આપવો તે સહિતના પ્રશ્ને કલેકટરને આવેદન પત્ર આપી લેખિત રજુઆત કરી છે. સરકાર સમક્ષ છેલ્લા બે વર્ષથી કર્મચારીઓ પીપીપી મોડલમાં ફેરફાર કરી પગાર ધોરણ આપવા રજુઆત કરી રહ્યા છે, તેમ છતા કર્મચારીઓનો પ્રશ્ન નહીં ઉકેલાતા રોષ જોવા મળી રહ્યો છે.પડતર પ્રશ્નનો સત્વરે ઉકેલ નહીં આવે તો કર્મચારીઓ ઉગ્ર આંદોલન કરશે.

સમગ્ર રાજયમાં સરકારની ઈ-ગ્રામ યોજના અંતર્ગત પીપીટી મોડલ અનુસાર છેલ્લા ૧૨ વર્ષથી કમિશન પર કર્મચારીઓ કામ કરી રહ્યા છે. કમિશન સમય જતા વધવું જોઈએ તેના કરતા ઘટાડવામાં આવ્યું છે. હાલની કારમી મોંઘવારીમાં કમિશનથી કામ કરવું આ કર્મચારીઓ માટે મુશ્કેલીરુપ બની રહ્યું છે. ત્યારે કર્મચારીઓ પોતાના પરિવારનું ભરણ પોષણ યોગ્ય રીતે કરી શકે તે માટે સરકારે પીપીપી મોડલમાં ફેરફાર કરીને યોગ્ય પગાર ધોરણ નક્કી કરવું જોઈએ તેમ કર્મચારીઓ ઈચ્છી રહ્યા છે. ઈ-ગ્રામ સોસાયટી દ્વારા વીસીઈ પાસે પાયલોટ પ્રોજેકટ કરાવવામાં આવે છે. અને તે સફળ થતા સરકાર દ્વાર અન્ય સંસ્થાઓને કામ સોંપી દેવામાં આવે છે જેને પગલે વીસીઈની આવક પર અસર થાય છે.તાલુકા લેવલે ટીએલઈ અને જિલ્લા લેવલે ડીએલઈને પગાર ચુકવવામાં આવે છે. જયારે ગ્રામ પંચાયતમાં વીસીઈને કોઈ આપવામાં આવતો નથી.જે અસમાનતા છે, જેને દુર કરી વીસીઈને પણ પગાર આપવામાં આવે તેમજ તેના બદલામાં સરકાર દ્વારા જે કામ આપવામાં આવશે તે કરવા વીસીઈ કર્મચારીઓ તૈયાર છે. જયારે કેટલાક છુટા કરવામાં આવેલા વીસીઈને પરત લેવામાં આવે. ત્યારે આજે ગાંધીનગર જિલ્લાના વીસીઈ મંડળ દ્વારા કલેકટરને લેખિત આવેદન પત્ર આપી વીસીઈના પ્રશ્નોનો સત્વરે ઉકેલ લાવવા માટે રજુઆત કરી હતી.

પ્રાંતિજ સિવિલ પાસે કાર ચાલકે એકટીવા ચાલકને અડફટે લેતા આધેડનુ ઘટનાસ્થળે મોત

પ્રાંતિજ, તા. ૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ સિવિલ પાસે અમદાવાદ તરફથી આવતી ઈનોવા કારે એક્ટીવાને અડફટે લેતાં એકટીવા ચાલક આધેડનું ઘટનાસ્થળે કમકમાટીભર્યુ મોત નિપજ્યું હતું.

પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ સિવિલ પાસે બપોરના ત્રણ કલાકે અમદાવાદ તરફથી આવતી ફુલ ફાસ્ટ ઈનોવા કાર જીજે.૦૧. આરએક્ષ૭૧૫૩ના ચાલકે સાઈડમાં રોડ ક્રોસ કરતાં એકટીવા ચાલકને ટક્કર મારતાં એકટીવા-જીજે૯. એક્યુ. ૭૧૫૩ના ચાલક અમૃતભાઈ કાળાભાઈ પટેલ ઉ.વર્ષ-૮૨ રહે. વદરાડ તેવો રોડની સાઈડમાં આવેલ ડીવાઈડર સાથે ટકરાતાં તેવોને માથાનાં ભાગે તથા શરીરે ગંભીર ઈજાઓ પહોચતા તેવોનુ ઘટનાસ્થળે કમકમાટીભર્યુ મોત નિપજ્યું હતું.

અકસ્માત અગેની જાણ પ્રાંતિજ પોલિસને થતાં તેવો ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

તલોદના બદામ કંપા પ્રાથમિક શાળાના બાળકોને શાળા ગણવેશ બુટ-મોજાનું વિતરણ

પ્રાંતિજ, તા. ૨

સાબરકાંઠા જિલ્લાના તલોદ બદામ કંપા ખાતે આવેલ બદામ કંપા પ્રાથમિક શાળાના બાળકોને શાળા ગણવેશ સહિત બુટ-મોજાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

બદામ કંપા પ્રાથમિક શાળામાં ગામના જ રહેવાસી દાંતા પંકજભાઈ ખીમજીભાઈ પટેલ દ્વારા ગામમાં આવેલ પ્રાથમિક શાળાના બાળકોને છેલ્લા ચાર વર્ષથી શાળા ગણવેશ બુટ મોજા સહિતનુ દાન કરવામાં આવે છે. શાળાના બાળકોને પણ દર વર્ષે નવો ડ્રેસ બુટ મોજા મળતા તેવોના ચહેરાં ઉપર સ્મિત જોવા મળ્યું હતું. શાળાના આચાર્ય સહિત શિક્ષકો દ્વારા દાતા પંકજભાઈ પટેલનો આભાર માન્યો હતો.

સંસદ ગાજી

● અનુસંધાન પહેલાનું ચાલુ

કે, આ વર્ગના લોકો ઉપર દેશમાં દર ૧૫ મિનિટે અત્યાચાર કરવામાં આવે છે. આ વટહુકમ વહેલીતકે લાવવાના પ્રયાસ કરવા જોઈએ. આના પર બિલ રજૂ કરવાની માંગ કરવામાં આવી હતી. સરકાર સમક્ષ માંગ કરતા કહ્યું હતું કે, આના ઉપર વટહુકમ લાવવામાં આવશે તો સર્વસંમતિથી પસાર કરવામાં આવશે. મોદી સરકાર તરફથી જવાબ માટે ઉભા થયેલા રાજનાથસિંહે કહ્યું હતું કે, ખડગે દ્વારા જે પ્રશ્નો ઉભા કરવામાં આવ્યા છે તેનાથી આશ્ચર્ય થયું છે. ગૃહમંત્રીએ કહ્યું હતું કે, તેમને કદાચ આ અંગેની માહિતી છે કે, મોદી કેબિનેટ દ્વારા આ બિલને મંજુર કરી દેવામાં આવ્યું છે. રાજનાથસિંહે કહ્યું હતું કે, એસસી અને એસટી એક્ટ પર સુપ્રીમ કોર્ટના ચુકાદાથી એ પ્રકારનો સંદેશો ગયો હતો કે, એક્ટને કમજોર કરવાનું કામ કરવામાં આવ્યું છે. મોદીએ વચન આપ્યું હતું કે, આને કમજોર કરવામાં આવશે નહીં. રાજનાથસિંહે કહ્યું હતું કે, સુપ્રીમ કોર્ટના આદેશ બાદ વડાપ્રધાને સાફ શબ્દોમાં કહ્યું હતું કે, જરૂર પડશે તો આનાથી પણ વધારે કઠોર બિલ લાવવામાં આવશે. ખડગેના પ્રશ્નનો જવાબ આપતા રાજનાથસિંહે કહ્યું હતું કે, આ બિલને વર્તમાન સત્રમાં જ પાસ કરવામાં આવશે. કેન્દ્રીય પ્રધાનમંડળે બુધવારના દિવસે જ એસસી અને એસટી એક્ટની મૂળભૂત જોગવાઈને ફરી સ્થાપિત કરવા સંબંધિત બિલની દરખાસ્તને મંજુરી આપી હતી. આને વર્તમાન સંસદ સત્રમાં જ પાસ કરાવવાની તૈયારી કરવામાં આવી છે. મોદી સરકાર એસસી-એસટી એક્ટને લઈને ખુબ જ ગંભીર દેખાઈ રહી છે.

બેવડી ચાલ

● અનુસંધાન પહેલાનું ચાલુ

કરોડ ડોલર કરી દેવામાં આવી છે. જે ગત વર્ષે મંજૂર કરવામાં આવેલી ૭૦ કરોડની સરખામણીએ ઘણી જ ઓછી છે.

જોકે તેમણે કહ્યું છે કે, હવેથી પાકિસ્તાન આ આર્થિક મદદ મેળવવાના બદલામાં હક્કાની નેટવર્ક વિરૂદ્ધ કાર્યવાહી કરવા બાધ્ય નથી. સાથે જ પાકિસ્તાને આતંકવાદ વિરૂદ્ધ લડાઈ માટે પણ કોઈ મદદ નહીં કરવામાં આવે.

ગોયલનું કહેવું છે કે, આ વર્તમાન બિલ પર ટ્રમ્પના હસ્તાક્ષર બાદ પેંટાગોન આતંકવાદી સમુહો વિરૂદ્ધ કાર્યવાહીને લઈને પાકિસ્તાન પર દબાણ નહીં બનાવી શકે. ઉલ્લેખનીય છે કે, હજી બે દિવસ પહેલા જ ડોનાલ્ડ ટ્રમ્પ પ્રશાસને આંતરરાષ્ટ્રિય મુદ્રા કોષ (આઈએમએફ)ને પાકિસ્તાનની સરકારને ચીનના કરદાતાઓની ચૂકવણી માટે કોઈ સંભવિત પેકેજની મંજૂરીને લઈને સાવચેત કરી છે.

સીપીઈસી માટે પાકિસ્તાનને ચીનની બેંકો નાણાં આપી રહી છે. અહેવાલ છે કે, પાકિસ્તાન આઈએમએફ પાસેથી ૧૨ અબજ ડૉલરનું મસ મોટું પેકેજ ઈચ્છે છે.

શહેરને...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જણાંવ્યુ હતુ. ગાંધીનગરના ધારાસભ્ય ડો સી જે ચાવડાએ પણ કર્મચારી નગર તરીકે અગાઉ ઓળખાતા આ શહેરમાં હવે ચોથી પેઢીનો વસવાટ છે. નગર શૈક્ષણિક હબ બન્યુ છે. દેશ પરદેશના નાગરિકો અહીં આવે છે. ત્યારે સમગ્ર ગુજરાતની ચિંતા કરવી પડે છે. ખેડુતોને જમીન આપવાના મામલે પણ સરકારે હકારાત્મકતા દાખવી છે. નગરને સારા અધિકારીઓ મળ્યા છે ત્યારે નગરજનોએ પણ તેનો લાભ લેવો જોઈએ. શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચે જણાંવ્યુ હતુ કે બાગ બગીચાઓમાં વિદ્યાર્થીઓ વાંચતા જોવા મળે છે. ૫૦ હજારથી વધુ વિદ્યાર્થીઓ અહીં ભણે છે. વિદ્યાર્થીઓને આનુસંગિક સુવિધાઓ મળતી નથી. વિકાસ થયો છે તેને પુરતી માળખાગત સુવિધાઓ પુરી પાડયા બાદ અન્ય યોજનાઓ શરૂ કરવામાં આવે તે અનિવાર્ય છે. આ ઉપરાંત મુળગાંધીનગરના નકશામાં કોઈ પરિવર્તનની અનિવાર્યતા નથી જે તદન વિપરિત પુરવાર થાય તેમ છે. શહેરમાં માર્ગ સલામતી પણ જોખમાઈ છે. અભ્યાસના અંતે કોઈપણ યોજના હાથ ધરાય તે અનિવાર્ય છે. હરિયાળીની દ્રષ્ટીએ પણ નગર પાછળના ક્રમે ધકેલાયુ છે. સ્થાનિક લોકો અને વ્યવસ્થાના ભોગે વિકાસ વસમો લાગે છે. સરકારી કાર્યક્રમમાં સ્થાનિક નાગરિકો તેમજ અગ્રણીઓને આમંત્રણ આપીને સામેલ કરવા માટે પણ તેમણે અપીલ કરી હતી. વિકાસના કામોમાં સહભાગી થવા પણ ખાત્રી આપી હતી. રાજેન્દ્ર જાનીએ જણાંવ્યુ હતુ કે ગ્રીક ઈકોનોમીના દેશો અને વિકાસની વાતો કરીએ ત્યારે ગાંધીનગર ચોકઠામાં વિકસિત થયુ છે. વિકાસ શહેરની મુળ પેટર્ન મુજબ જ થવો જોઈએ. નગરમાં રહેતા તમામ નાગરિકો સેવા સાથે જોડાયેલા છે. નગરની ખાસિયત એવી છે કે ભારતની તમામ ધાર્મિક લઘુમતીઓનુ પ્રતિનિધિત્વ ગાંધીનગરમાં જોવા મળે છે. નગરના ૫૪ માં જન્મદિવસની ઉજવણી પ્રસંગે જી ઈ બી ના ચીફ ઈજનેર પ્રકાશ જોષી, શહેર ભાજપના પ્રમુખ મહેન્દ્ર દાસ જયોતિ મહીલા મંડળના પ્રમુખ ડો ચેતના બુચ, ગુડાના પુર્વ ચેરમેન આશિષ દવે સહીત જીઈબીના વસાહતીઓ, મિલન મહીલા મંડળ રીક્રીએશન કલબના હોદેદારો ઉપરાંત રાજકીય પક્ષના આગેવાનો પણ હાજર રહયા હતા. સમગ્ર કાર્યક્રમનુ સંચાલન વસાહત મહામંડળના સુધીર દેસાઈએ કર્યુ હતુ.

પ્રજા અવાક છે

● અનુસંધાન પહેલાનું ચાલુ

રાજકીય નેતાઓનું મૌન અને પરિસ્થિતિ લોકોને અકળાવી રહી છે.

ખેડૂતો પણ આ વખતે જમીન પડતર રાખવાનો મુડ બનાવી રહ્યા છે જેથી વધુ આર્થિક નુકશાન સહન ના કરવુ પડે. બીજી તરફ જિલ્લામાં પિયતની સુવિધા પણ નહિવત છે એટલુ જ નહિ ભૂગર્ભજળ પર જ આધાર રાખવો પડે તેમ છે. આથી હવે ખેડૂતો પશુધનની ઘાસચારાની માંગને પહોંચી શકાય તે માટે ઘાસચારાના વાવેતરમાં વધુ રસ ધરાવે છે.

જિલ્લામાં ઘાસચારાના ભાવમાં પણ વધારો થવા પામ્યો છે. તેમજ હવે જિલ્લામાં જો વરસાદ વધુ ખેંચાય તો ઘાસચારાની જરૂરિયાત પણ ઉભી થઈ શકે તેવી સ્થિતિનું નિર્માણ થઈ શકે એમ છે. જિલ્લામાં દૈનિક ૫૯૭ ક્વીન્ટલ ઘાસચારાની જરૂરીયાત પશુધન માટે છે.

જિલ્લામાં જે પરિસ્થિતિ ઉભી થઈ રહી છે તેને લઈ રાજકીય નેતાઓના મૌન સામે ખેડૂતોમાં પણ રોષ ઉભો થવા પામ્યો છે.